ગુજરાત ટાઇમ્સ Gujarat Times Published on May 26 2006 , Page 8

What's a quintessential gift?

# સંતરામ ભક્ત સમાજે ભાવથી ઊજવેલો સંતરામ શતામૃત મહોત્સવ

**એસેક્સ, ન્યુ જર્સી:** અમેરિકામાં સંતરામ ભક્ત સમાજ દ્વારા યોગીરાજ અવધૂત સંતરામ મહારાજની સમાધિનાં ૧૭૫ વર્ષ-શતામૃત મહોત્સવની ઉજવણી બીજી એપ્રિલ, ૨૦૦૬ના રોજ એસેક્સ કોલેજના વિશાલ હોલમાં ૨૨૦૦થી વધુ ભક્તોની હાજરીમાં થઈ હતી અને ઉપસ્થિત સૌ ભક્તજનોએ સત્સંગનો આનંદ માણ્યો હતો, એમ સમાજની અખબારી યાદી જણાવે છે. ઉજવણીની શુભ શરૂઆત બપોરના ૧૨-૪૫ કલાકે નડિયાદથી રામદાસ મહારાજના સ્વર સાંનિધ્યમાં ટેલિફોન દ્વારા સુંદરકાંડના પાઠનાં મંગલાચરણથી થઈ હતી. સત્સંગમાં સર્વે ભક્તોએ ખૂબ જ પ્રસન્ન, આનંદમય અને ભક્તિમાં તરબોળ થઈને ભાગ લીધો હતો. સુંદરકાંડ પાઠની પૂર્ણાહુતિ પછી હંમેશ મુજબ રાજ અને સ્મૃતિ પંડ્યાના પરિવાર દ્વારા ભજનસંગીત, સંતરામનાં પદો, ધૂનો રજૂ કરવામાં આવ્યાં હતાં.

સત્સંગમાં હાલમાં રચાયેલ નારાયણ ચાલીસાના સમૂહ સ્તવનની સાથે સંતરામ મંદિરના દીક્ષિત સંત હરિદાસજી મહારાજના સ્વરમાં ઓડિયો-સીડીના માધ્યમ દ્વારા મંદિરની પ્રચલિત બે આરતીઓ, 'વળી વેગે વહેલાં પધારજો' અને 'આનંદ મંગળ કરું આરતી'ના સમૂહ ગાનથી આખાય હોલમાં બેઠેલા ભક્તજનોએ જાણે નડિયાદ મંદિરમાં ચોકમાં પોતે બેઠા હોય એવી અનુભૂતિ કરી હતી.


સંતરામ મંદિર, નડિયાદ

સત્સંગની પૂર્ણાહુતિ વેળા નડિયાદથી રામદાસજી મહારાજના સ્વહસ્તે લખાયેલો શુભ આશીર્વાદ સંદેશ સમાજના સેવકે વાંચી સંભળાવ્યો હતો, જેમાં સર્વે ભક્તોને શુભાશિષ પાઠવવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં ભાગ લેવા ફિલાડેલ્ફિયા ઉપરાંત ચાર અન્ય વિસ્તારોના સીનિયર સિટિઝનો પોતાની સંસ્થા વતી બસો કરીને અહીં આવી પહોંચ્યા હતા. સત્સંગ નિમિત્તે નડિયાદના શારદાબહેન છીંકોવાળા ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી અંગ્રેજી ભાષામાં 'નિત્ય પ્રાર્થના' પુસ્તિકાનું પ્રકાશન અમેરિકામાં વસતા ભક્તજનોનામ બાળકોના લાભાર્થે કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે સત્સંગની સાથે યોગી ડેન્ટલ સેન્ટર, ઓરેન્જ ટાઉનશિપમાં મફત દંતચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડો. રાજલ જે. પટેલે માનદ સેવાઓ આપી હતી અને પાંચ દિવસની એન્ટિબાયોટિક દવા પણ વિનામૂલ્યે આપી હતી.

સંતરામ ભક્ત સમાજનો હવે પછીનો ગુરુપૂર્ણિમા વાર્ષિકોત્સવ સત્સંગ ૨૩મી જુલાઈ, ૨૦૦૬ ને રવિવારે યુક્રેનિયન હોલ, સમરસેટમાં રાખવામાં આવ્યો છે. *(માહિતીસૌજન્ય: શ્રી સંતરામ ભક્ત સમાજ, યુએસએ)*

TOP

www.bodhtree.com
Powered by Pressmart
www.pressmart.net